મીઠાના ઉત્પાદન માટે ભાડાપટ્ટે
અપાતી સરકારી પડતર જમીનમાં
લીઝ નવિનીકરણ(રીન્યુઅલ)ના
તબકકે પ્રક્રિયાનું સરળીકરણ.

ગુજરાત સરકાર
મહેસૂલ વિભાગ
ઠરાવ ક્રમાંકઃ મઠજ/૧૦૨૦૧૦/૨૫૮૮/અ.૧
સચિવાલય,ગાંધીનગર.
તારીખઃ– ૮–૧–૨૦૧૪

વંચાણે લીધોઃ–

૧. મહેસૂલવિભાગના ઠરાવ ક્રમાંકઃ મઠજ/૧૫૯૭/૧૩૭૨/ક તા. ૧૦.૧૦.૨૦૦૦

**આમુખઃ–**

આમુખમાં દર્શાવેલ ઠરાવથી મીઠાના ઉત્પાદન માટે સરકારી પડતર જમીન ભાડાપટ્ટે અપાય છે. આ ભાડાપટ્ટા સામાન્ય રીતે પ્રથમ તબકકે પાત્રતાને આધિન રહીને પ્રથમ તબકકે ૧૦ વર્ષ માટે અપાય છે. આ ૧૦ વર્ષ પૂર્ણ થતાં લીઝ નવિનીકરણ તબકકે લગભગ ૧૧ વિવિધ ખાતા/ વિભાગોના 'ના વાંધા પ્રમાણપત્ર' લેવામાં આવે છે.

આ બાબતમાં ઈન્ડીયન સોલ્ટ મેન્યુફેકચરીગ એસોસીએશને તા. ૨૮.૬.૨૦૧૩ ના રોજ રાજય સરકારને કરેલ રજૂઆત મુજબ મીઠાની જમીનના ભાડાપટ્ટાની જમીનના રીન્યુઅલમાં ખૂબ સમય લાગતો હોવાથી રજૂઆતના અનુસંધાને 'ના વાંધા પ્રમાણપત્ર' ની પ્રક્રિયા ઝડપી અને સરળ બનાવવા જયાં જરૂર હોય તેટલા ખાતા / વિભાગોના 'ના વાંધા પ્રમાણપત્ર' મેળવીને રીન્યુઅલ આપવા માટે વિનંતી કરી હતી.

**ઠરાવઃ–**

૧/ ઈન્ડીયન સોલ્ટ મેન્યુ. એસોસીએશન ધ્વારા હાલ રીન્યુઅલના તબકકે ૧૧ ખાતા/ વિભાગના 'ના વાંધા પ્રમાણપત્ર' ના સ્થાને આ સંખ્યા ઘટાડવા અને જરૂર જણાય તેટલા જ ખાતા/ વિભાગોના 'ના વાંધા પ્રમાણપત્ર' મેળવવા કરેલ રજૂઆત પર સરકારે પુખ્ત વિચારણા કરી છે.

૨/ પુખ્ત વિચારણાના અંતે લીઝ રીન્યુઅલ તબકકે હવે નીચે દર્શાવેલ પાંચ ખાતાઓના 'ના વાંધા પ્રમાણપત્ર' મેળવવાના રહેશે.

(૧) તાલુકા વિકાસ અધિકારીશ્રી
(૨) વન વિભાગ
(૩) જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર/ ઉદ્યોગ કમિશનર
(૪) ડી.આઈ.એલ.આર.
(૫) સોલ્ટ કમિશનર

જયારે નીચે દર્શાવેલ ખાતા બાબતમાં આવા ખાતાઓ સાથે જયાં જરૂર જણાય ત્યાં આંતરિક પરામર્શ કરીને તેમની માંગણી અંગેની ખરાઈ કરી લેવાની રહેશે.

(૧) બંદર ખાતુ
(૨) સંરક્ષણ બોર્ડ/ બી.એસ.એફ.
(૩) મત્સ્યોદ્યોગ ખાતુ
(૪) નજીકમાં સરકારી પ્રોજેકટને સંલગ્ન ખાતુ.

ઉપર દર્શાવેલ તમામ સત્તાઓ ધ્વારા ના–વાંધા પ્રમાણપત્રની અરજી મળેથી દિન–૩૦ માં કાર્યવાહી હાથ ધરીને પૂર્ણ કરવાની રહેશે.

૩/ હાલની નીતિની શરતો અને બોલીઓ યથાવત રહેશે. આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગ અને ઉદ્યોગ અને ખાણ વિભાગની અનુક્રમે તા. ૩૧.૭.૨૦૧૩ અને તા. ૭–૧૦–૨૦૧૩ ની અનુમતિ અન્વયે રવાના કરવામાં આવેલ છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**પરિમલ શાહ**
સંયુકત સચિવ
મહેસૂલ વિભાગ, ગુજરાત સરકાર

- માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (મહેસૂલ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રી(મીઠા ઉદ્યોગ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે કલેકટરશ્રીઓ
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
- ઉદ્યોગ કમિશનરશ્રી, ગુજરાત રાજય ગાંધીનગર.
- જનરલ મેનેજર બધા/જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુ.રા. અમદાવાદ/રાજકોટ.
- સેટલમેન્ટ કમિશનરશ્રી અને જમીન દફતર નિયામકશ્રી, ગુ.રા.ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી (વિવાદ), પોલીટેકનીક, આંબાવાડી, અમદાવાદ.
- તમામ પ્રાન્ત અધિકારીશ્રીઓ
- ઉદ્યોગ અને ખાણ વિભાગ, ચ–શાખા, સચિવાલય, ગાંધીનગર.
- ડેપ્યુટી સોલ્ટ કમિશનરશ્રી, ભારત સરકાર અજન્ટા કોમર્શીયલ સેન્ટર, આશ્રમ રોડ, અમદાવાદ (પત્ર ધ્વારા)
- મહેસૂલ વિભાગ, અ,ગ,લ, ક શાખા
- નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સેકશન અધિકારી, સીલેકટ ફાઈલ.
- મે. ઈન્ડીયન સોલ્ટ મેન્યુફેકચર્સ એસોસીએશન, સરખેજ, રાજપત કલબ સામે, અકીક બિલ્ડીગ–૬૦૪, સરખેજ, ગાંધીનગર હાઈવે, અમદાવાદ–૫.
- મે. ભાવનગર ડીસ્ટ્રીકટ સોલ્ટ મેન્યુફેકચરીગ એસોસીએશન, c/o ભારત સોલ્ટ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ, ફેર બંદર રોડ, ભાવનગર ૩૬૪ ૦૦૧.
- પ્રમુખશ્રી, સેન્ટ્રલ સાઉથ ગુજરાત સોલ્ટ મેન્યુફેકચરીગ એસોસીએશન, ૩૦૪, નર્મદા કોમર્શીયલ કોમ્પ્લેક્ષ, પાંચબત્તી, ભરૂચ– ૩૯૨ ૦૦૧.

(નિસર્ગ જોષી)
સેકશન અધિકારી
મહેસૂલ વિભાગ, ગુજરાત સરકાર